**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.**17/5/2017** બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.1040/17**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ 17 કેસ કરી, 16 વ્યક્તિઓને ઝડપી, 38 લીટર દેશી દારૂ, 592 બોટલ ઇગ્લીશ દારૂ, 47 ક્વૉટર ઇગ્લીશ દારૂ, 360 બીયરટીન, 01 રીક્ષા અને 02 કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ 03 કેસ કરી 22 વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા 1,47,830/- અને જુગારનાં સાધનો કબ્જે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.1041/17**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ 81 વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ 04 વ્યક્તિઓની અને પાસા હેઠળ 02 વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.1042/17**

**ગુજરાત યુનીવર્સીટી** : દિપકભાઈ કસ્તુરભાઈ શાહ (ઉ.વ.૫૮)(રહે,માણેક અરૂણેશ સોસાયટી પલીયડ નગરની બાજુમા શ્રીજી પેલેસ પાસે દેવકીનંદન જૈન દેરાસર નારણપુરા) એ **ગુજરાત યુનીવર્સીટી** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૧૭ ના કલાક ૦૦/૦૦ થી સવારનાં ૫/૪૫ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિએ દિપકભાઇની પત્નીના ઓશિકા નીચેથી ચાવી લઈ જઈ, ચાવી વડે તાળુ ખોલી રૂમમાં પ્રવેશ કરી, રૂમમા રહેલ લોખંડની તેજોરી તથા લાકડાના કબાટમા મુકેલ (૧)એક સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- (૨) સોનાની ચેઈન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૩) સોનાની લગડી ૧૦ ગ્રામ વજનની કિંમત રૂપિયા ૨૮,૦૦૦/- (૪) સોનાની કડી કિંમત રૂપિયા ૫,૦૦૦/- (૫) સોનાની વિંટી નંગ-૨ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૬) સોનાની બુટ્ટી બે જોડી તથા સોનાની કાનની કડી એક જોડી કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- (૭) સોનાની બંગડી કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૮) એક કિલો ચાંદીના બે ૫૦૦ ગ્રામ વજનના બે ચોરસા તથા ચાંદીના ત્રણ જોડ છડા જેમા એક જોડ જુના તથા ચાંદીની જુની ઝાંઝર ચાર જોડ તથા ચાંદીની પગની વીંટીઓ બે જોડ તથા ચાંદીની નાની મોટી લગડીઓ તથા ચાંદીની વાડકીઓ નંગ-૨ તથા ચાંદીનો સેટ તથા ચાંદીની સ્થાપના મુર્તી તથા ચાંદીનો કંદોરો મળી કુલ વજન ૧ કિલો ૬૫૦ ગ્રામ વજનની કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- તથા રોકડા રૂપીયા ૩૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૭૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એમ.જાડેજા ચલાવે છે.



An evaluation version of novaPDF was used to create this PDF file.
Purchase a license to generate PDF files without this notice.

**<u>નજર ચુકવી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.1043/17</u>**

**કાલુપુર :** હિતેશકુમાર ચંપકલાલ શાહ (રહે,ભતીયા શેરી મેઈન બજાર ખેરાલુ જી.મેહસાણા) એ તા.16/5/17 નાં રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.11/05/17 બપોરના 2/45 થી 3/00 વાગ્યા દરમ્યાન ટી.વી.એસ.ટાયર મણીનગર ટાયર્સની દુકાન આગળથી કાલુપુર રેવડી બજાર કડીયાકુઈ રીલીફ રોડ સુધીનાં રીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ડ્રાઇવર તથા રીક્ષામાં પાછળ બેઠેલા ત્રણ અજાણ્યા ઈસમોએ ભેગામળી “બેસવતા ફાવતુ નથી” તેમ જણાવી આગળ-પાછળ બેસાડી, હિતેશકુમારની સીટ બદલાવી, હિતેશકુમારની નજર ચુકવી તેમનાં ખિસ્સામાંથી કુલ રૂપિયા 2,00,000/- કાઢી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ઝીલરીયા ચલાવે છે.

**<u>પહેલા માળેથી પડી જતાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.1044/17</u>**

**રામોલ :** દિવ્યાંશુ સ/ઓ વિનયભાઈ મોહતો (ઉ.વ.૦૪)(રહે,વ્રજભુમી પાર્ક ન્યુ આરટીઓ રોડ વસ્ત્રાલ) તા.૧૫/૫/૧૭ નાં કલાક 11/30 વાગ્યાનાં સુમારે પોતાના ઘરે રમતા-રમતા પહેલા માળેથી પડી જતા માથાના ભાગે તથા હાથે ઈજા થતાં, સારવાર અર્થે તેને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૫/૧૭ ના કલાક ૩/૦૦ વાગે ફરજ પરનાં ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ મણીલાલ ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.1045/17</u>**

**વેજલપુર :** અસ્માબાનુ વા/ઓ મોહંમદઇસ્માઇલ બીસ્તી (ઉ.વ.૨૧)(રહે,શહેનાઝ ડુપ્લેક્ષ, અશરફનગર, રોનક પાર્કની બાજુમા, વેજલપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૫/૧૭ સાંજનાં 6/00 વાગ્યાનાં સુમારે પોતાના પતિનાં ઘરે દવા પી લીધી હતી. સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં 11/30 વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ જવાનસિંહ ચલાવે છે.

**નિકોલ :** ચંન્દ્રેશભાઇ ધનજીભાઇ પદમાણી (ઉ.વ.૨૯)(રહે,ભકતિ બંગ્લોઝ ભક્તિ સર્કલ પાસે નિકોલ) એ તા.16/5/17 ના કલાક 7/00 વાગ્યાનાં સુમારે પોતે ત્રણેક દિવસથી બિમાર હતા જેથી ઘરના મુખ્ય દરવાજાની બાજુમા આવેલ સીડીની નીચેના ભાગે સીડીની રેલીંગ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ચીમનસિંહ ગુલાબસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



An evaluation version of novaPDF was used to create this PDF file.
Purchase a license to generate PDF files without this notice.